પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૫૮ | ૩૦ નવેમ્બર, ૨૦૧૯, શનિવાર; માગસર સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારતનો જીડીપી દર ઘટીને ૪.૫ ટકા

## મોદી સરકારના રાજમાં જીડીપી દર સાત વર્ષના સૌથી નિચલા સ્તરે : પ્રથમ ક્વાર્ટરમાં જીડીપી દર ૫.૭ ટકા નોંધાયો હતો, કેન્દ્ર સરકાર માટે વધુ એક આંચકો : વિપક્ષ જીડીપીના ઘટાડા મુદ્દે મોદી સરકારને સંસદમાં ઘેરે તેવી શક્યતા

ન્યુ દિલ્હી,તા.૨૯

સુસ્તીના તબક્કામાંથી પસાર થઈ રહેલા ભારતીય અર્થવ્યવસ્થાને વધુ એક આંચકો લાગ્યો છે. વર્તમાન નાણાકીય વર્ષ (૨૦૧૯-૨૦) ના બીજા ક્વાર્ટરમાં ભારતના વિકાસ દરમાં મોટો ઘટાડો જોવા મળ્યો છે. હવે જીડીપીનો આંકડો ૪.૫ ટકા પર પહોંચી ગયો છે. જે સાત વર્ષમાં આ સૌથી મોટો ઘટાડો છે. અગાઉ માર્ચ ૨૦૧૩ ના ત્રિમાસિક ગાળામાં દેશનો જીડીપી રેટ આ સ્તરે હતો. વર્તમાન નાણાકીય વર્ષ (૨૦૧૯-૨૦) ના પહેલા ત્રિમાસિક ક્વાર્ટરમાં જીડીપીનો દર ૫ ટકા હતો. તેનો મતલબ કે જીડીપીના દરમાં ફક્ત ૩ મહિનામાં જ ૦.૫(અડધો) ટકાનો ઘટાડો થયો છે.

વર્તમાન નાણાકીય વર્ષ (૨૦૧૯-૨૦) ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં, મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રનો વિકાસ માત્ર ૦.૬ ટકાના સ્તરે થયો છે. એક વર્ષ અગાઉ સમાન ગાળામાં આ ક્ષેત્રમાં ૧૨.૧ ટકાનો દરે વિકાસ થયો હતો. આ ઉપરાંત કૃષિ, વનીકરણ અને મત્સ્યઉદ્યોગ ક્ષેત્રોમાં વૃદ્ધિદર ૨ ટકાના દરે નોંધવામાં આવ્યો છે. પાછલા નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક




ગાળામાં આ ક્ષેત્રોમાં ૫.૧ ટકાના દરે વૃદ્ધિ થઈ હતી. બાંધકામ ક્ષેત્રની વાત કરીએ તો ચાલુ નાણાકીય વર્ષના પહેલા ક્વાર્ટરમાં તે ૫.૭ ટકાના દરે વૃદ્ધિ પામ્યો છે. પાછલા નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૯.૬ ટકાની વૃદ્ધિ જોવા મળી હતી.

જોકે, ખાણકામ ક્ષેત્રે થોડો સુધારો જોવાયો હતો અને તે પાછલા નાણાકીય વર્ષના પ્રથમ ત્રિમાસિક ગાળામાં ૦.૪ ટકાની તુલનામાં ૨.૭ ટકાના દરે વધ્યો હતો. તેવી જ રીતે, વીજળી, ગેસ, પાણી પુરવઠા અને અન્ય ઉપયોગિતાઓના ક્ષેત્રોમાં ૮.૬ ટકાનો વિકાસદર નોંધાયો છે. ગયા નાણાકીય વર્ષના પહેલા ક્વાર્ટરમાં આ આંકડો ૬..૭ ટકા હતો.

દેશના નાણાંમંત્રી નિર્મલા સીતારમણે તાજેતરમાં એવો બચાવ કર્યો હતો કે આર્થિક ક્ષેત્રે સુસ્તી છે પરંતુ મંદી નથી. જ્યારે જીડીપીના આંકડા કંઈક જૂદુ જ ચિત્ર રજૂ કરે છે. પ્રથમ ત્રિમાસિક ગાળામાં જીડીપી દર નીચલા સ્તરે ૫ ટકાએ હતો જે વધુ અડધો ટકો ઘટીને હવે ૪.૫ ટકાએ પહોંચ્યો છે ત્યારે એ બાબતનું સ્પષ્ટ નિર્દેશ કરે છે કે દેશનું આર્થિક ચિત્ર નાણાંમંત્રી દર્શાવે છે તેવું ઉજળુ નથી.

## આજે વિધાનસભામાં ઠાકરે સરકાર વિશ્વાસનો મત મેળવશે

### વિધાનસભાના નવા પ્રોટેમ સ્પીકર તરીકે એનસીપીના ધારાસભ્ય દિલીપ વાલ્સેની નિયુક્તિ



મુંબઈ,તા.૨૯

મહારાષ્ટ્રમાં શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળ ત્રણ પક્ષના બનેલા 'મહાવિકાસ આઘાડી' ગઠબંધનની સરકાર આવતીકાલે બપોરે ૨ વાગ્યે વિધાનસભામાં વિશ્વાસનો મત લેશે. 'મહાવિકાસ આઘાડી' સરકાર શિવસેના ઉપરાંત રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી) અને કોંગ્રેસની બનેલી છે.

રાજયના ગવર્નર ભગતસિંગ કોશિયારીએ ઉદ્ધવને મહાવિકાસ આઘાડીની સરકાર રચવાનું આમંત્રણ આપતી વખતે કહ્યું હતું કે એમણે ૩ ડિસેંબર સુધીમાં એમની સરકારની બહુમતી પુરવાર કરવાની રહેશે. પોતાને ૧૬૨ વિધાનસભ્યોનો ટેકો હોવાનો ઉદ્ધવે દાવો કર્યો છે. ત્રણેય શાસક પક્ષના ગઠબંધન સરકારે કરેલી અપીલને પગલે રાજયપાલ કોશિયારીએ પ્રો-ટેમ (હંગામી) સ્પીકરની બદલી કરી દીધી છે. પ્રો-ટેમ સ્પીકર કોળંબકર હતા અને હવે એમની જગ્યાએ દિલીપ વળસે-પાટીલને નિયુક્ત કરવામાં આવ્યા છે. એમણે ૩૦ નવેંબરના શનિવારે વિધાનસભાનું વિશેષ સત્ર બોલાવ્યું છે.

દિલીપ વળસે-પાટીલ એનસીપીના નેતા છે અને એમને પ્રો-ટેમ સ્પીકર બનાવવાની ભલામણ ઉદ્ધવ ઠાકરેએ જ ગવર્નરને કરી હતી. ઉદ્ધવ ઠાકરેએ મુખ્ય પ્રધાન તરીકે ગઈ કાલે સાંજે શપથ ગ્રહણ

● અનુસંધાન પાન-૭ પર

# આજે ઝારખંડમાં પ્રથમ તબક્કાની ૧૩ બેઠકો માટે મતદાન

## ૧૮૯ ઉમેદવારનું ભાવિ થશે નક્કી, ૩૭ લાખથી વધુ મતદાતાઓ મતાધિકારનો ઉપયોગ કરશે

રાંચી,તા.૨૯

નકસલગ્રસ્ત રાજય ઝારખંડમાં કુલ ૮૧ બેઠકોમાંથી પ્રથમ તબક્કાની ૧૩ બેઠકો માટે આવતીકાલ ૩૦ નવેમ્બરના રોજ ભારે સુરક્ષા વ્યવસ્થા હેઠળ મતદાન થવા જઈ રહ્યું છે. ૧૩ સીટ પર ૧૮૯ ઉમેદવારો લડી રહ્યાં છે અને ૩૭ લાખથી વધારે મતદાતાઓ આ પ્રથમ તબક્કામાં પોતાના મતાધિકારનો ઉપયોગ કરશે.

ચૂંટણી પંચે ઝારખંડની ૮૧ બેઠકો માટે પાંચ તબક્કામાં મતદાનની વ્યવસ્થા જાહેર કરી છે. જેમાં ૧૩ બેઠકોમાં ચતરા,ગુમલા, વિશુનપુર, લોહરગદરા, મનિકા, લાતેહાર, પાકી, ડાલ્ટનગંજ, વિશ્રામપુર, છત્તરપુર, હુસૈનાબાદ, ગઢવા, ભવનાથપુર બેઠકનો સમાવેશ થાય છે.

લાતેહારના જિલ્લા કલેક્ટર જીશાન કમર દ્વારા જણાવ્યાં પ્રમાણે, લાતેહાર દિલ્લામાં વિધાનસભાની બે બેઠકો મનિકા અને લાતેહારનો સમાવેશ થાય છે. મતદારો ડર કે ભય રાખ્યા વગર મતદાન શાંતિપૂર્ણ રીતે થાય તે માટે સલામતીની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે. તેમણે વધુમાં કહ્યું કે આ ઉપરાંત તમામ ૧૩ બેઠકોના મતદાન મથકો ખાતે સુરક્ષા દળોને ગોઠવી દેવામાં આવ્યાં છે. આ ઉપરાંત મતદાન મથકોને હાઈપર ચેકેટિવ બોન્સના કલસ્ટર, સુપર કલસ્ટર, અને ઝોનમાં વિભાજીત કરવામાં આવ્યાં છે. અને તમામ મથકોની સંવેદનશીલતા પ્રમાણે સુરક્ષા દળો મૂકવામાં આવ્યાં છે.

ગત ચૂંટણીમાં ભાજપને સૌથી વધારે સીટ મળી હતી. ભાજપને ૩૭, કોંગ્રેસને ૬, ઝામુમોને ૧૯, આજસુને ૫ સીટ જ્યારે અન્યને ૧૪ સીટ મળી હતી.

આ વખતે ઝારખંડમાં રાજકીય સમીકરણો બદલાઈ રહ્યાં છે જેના લીધે સત્તામાં પણ બદલાવ આવી શકે તેવા એંધાણ છે.

## ન્યુઝ ટ્રેક

### રાજસ્થાન ભ્રષ્ટાચારમાં નંબર-૧

તાજેતરમાં થયેલા એક સ્વતંત્ર સર્વે પ્રમાણે આશરે ૫૧ ટકા ભારતીયોએ મિલકત નોંધણી, પોલીસ, મ્યુનિસિપાલિટી સહિતના સરકારી કામકાજોમાં લાંચ આપવી પડી હતી. આ સર્વે પ્રમાણે ભ્રષ્ટાચારમાં રાજસ્થાન મોખરે છે. જ્યારે બિહાર અને ઝારખંડ અનુક્રમે બીજા-ત્રીજા ક્રમે છે.

### આરે કોલોનીમાં મેટ્રોનું કામ બંધ

મહારાષ્ટ્રમાં નવી સરકાર બન્યા બાદ આરે કોલોનીમાં મેટ્રો પ્રોજેક્ટ માટે બની રહેલા કાર શેડના કામને રોકવાનો આદેશ અપાયો છે. જો કે આ આદેશમાં જણાવાયુ છે કે મેટ્રોનું કામ ચાલુ રહેશે પરંતુ હવે વૃક્ષો કાપવામાં નહી આવે.

### હવે માત્ર હોલમાર્કવાળા દાગીના મળશે

સરકારે સોનાના આભૂષણો માટે હોલ માર્કિંગ અનિવાર્ય કરી દીધુ છે. ૧૫ જાન્યુઆરી, ૨૦૨૧થી હવે માત્ર સોનાના આભૂષણો મળશે. સરકારે હોલમાર્ક વિનાના આભૂષણો વેચવા માટે એક વર્ષનો સમય આપ્યો છે.

### શ્રીલંકાને ભારત જંગી લોન આપશે

શ્રીલંકાના વડાપ્રધાન ગોતબાયા રાજપક્ષી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ હેદ્રાબાદ હાઉસમાં દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠક બાદ સંયુક્ત નિવેદનમાં મોદીએ કહ્યું કે શ્રીલંકાની અર્થવ્યવસ્થાને મજબૂત કરવા માટે ૨૮૬૫ કરોડ રૂપિયા (૪૦૦ મીલીયન ડોલર)ની લોનની સુવિધા અપાશે. જે પૈકી ૭૧૬ કરોડ સોલર પરિયોજના પર ખર્ચ કરાશે.

# ગોડસે વિવાદ મામલે સંસદમાં પ્રજ્ઞાએ બે વાર માફી માગી

ન્યુ દિલ્હી,તા.૨૯

રાષ્ટ્રપિતા ગાંધીજીના



હત્યારા નથૂરામ ગોડસેને સંસદના ફલોર પર દેશભક્ત કહીને પોતાના જ પક્ષ ભાજપની આંખે ચઢેલા ભોપાલના વિવાદી સાંસદ સાધ્વી પ્રજ્ઞાસિંહ ઠાકૂરના મામલે આજે શુક્રવારે આ મુદ્દે લોકસભામાં ભારે હોબાળો મચ્યો હતો. કોંગ્રેસ અને અન્ય પક્ષોએ સાંસદ પ્રજ્ઞાને સભ્યપદેથી દૂર કરવાની માંગણી કરીને ભારે ધાંધલ ધમાલ મચાવી હતી. સામે ભાજપે તેનો વિરોધ કરતાં ભારે શોરબકોર સર્જાયો હતો.

સાંસદ પ્રજ્ઞાએ ત્યારબાદ પક્ષ દ્વારા કરાયેલા દબાણના પગલે સંસદમાં પોતાના ગઈકાલના નિવેદન બદલ શરતી માફી માંગી હતી અને પોતાનું નિવેદન તોડી મરોડીને લોકો સમક્ષ રજૂ કરાયું હોવાનો બચાવ કરીને પોતાને આતંકી કહેનાર કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સામે નિશાન તાકીને પોતાની સામેના કેસોમાં નિર્દોષ ઠર્યા હોવાનો દાવો કરીને રાહુલ માફી માંગે તેવી વળતી માંગણી કરીને વળતો પ્રહાર કર્યો હતો. તેના પગલે ફરીથી સદનમાં હોબાળો મચતાં સદનમાં આ મુદ્દે બન્ને તરફે ગરમાગરમીને જોતા અધ્યક્ષ ઓમ બિરલાએ સદનની બહાર સર્વદપક્ષિય બેઠક યોજીને સમાધાનકારી રસ્તો અપનાવવા સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

REQUIRED
One of The leading Stock Market leader Required staff for New Branches
At INFOCITY – CHANDKHEDA – ADALAJ & PETHAPUR.
• EQUITY DEALER CASH / F & O
• BACK OFFICE EXECUTIVE • MARKETING EXECUTIVE
Attractive Salary + Incentive + Petrol...
Banking & finance experience prefer. fresher also apply to
bestboi123@gmail.com OR WhatsApp No. : 99747 03401

Intraday Free Brokerage
In CASH - F & O - OPTION
With 50 Times Limit
Free D'met Account With "O" Balance Bank A/c
Call 99747 03401

THE EMPEROR OF COMPETITIVE EXAMS
SINCE 1994
ઉત્ક્રાંતિ-TCCI કેરીયર એકેડમી
1 માસ સુધી
ફ્રી (મફત) ડેમો લેકચર
Education is the key to success
ગુજરાત સરકાર / કેન્દ્ર સરકારની ભરતી પરીક્ષાની તૈયારી કરતા સંભવિત તમામ ઉમેદવારો માટે "ઉત્ક્રાંતિ-TCCI કેરીયર એકેડમી" દ્વારા નીચેની તારીખ/સમય થી 1 માસ સુધી કોઇ પણ પ્રકારની ફી લીધા વિના
1 માસ સુધી જનરલ સ્ટડીઝ
(સામાન્ય જ્ઞાન)ના વર્ગ, રૂબરૂ આવી આપનું નામ નોંધાવવું જરૂરી છે.
આજે જ રૂબરૂ રજીસ્ટ્રેશન કરાવો
વર્ગ શરૂ થવાની તારીખ:- 05-12-2019
ભણવાના દિવસ: સોમ-મંગળ-બુધ અથવા ગુરૂ-શુક્ર-શનિ
બેચનો સમય:-
બપોરના 11-30 થી 1-30
"OR"
સવારના 09 થી 11
"OR"
બપોરે 2 થી 4
'બાપુ' ગુજરાત નોલેજ વિલેજ Block D, 2nd Floor, Village : Vasan, Gandhinagar- Mansa State Highway Dist. Gandhinagar. (Gujarat) 72839 25083, 99258 02948 Voice Call No : + 91 72839 25083 Helpline No. : 1800 31 39811 (24 hrs.)
info@theknowledgevalley.com www.theknowledgevalley.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225

યુરોપ હવે આપના બજેટમાં
The Europe Carnival
ONLY FOR ₹99,999 + GST થી શરૂ
નહીં કોઈ એક્સટ્રા કિંમત છુપા ખર્ચ | ૧૦૦% પારદર્શિતા જેન્યુન પેકેજ
10% ડિસ્કાઉન્ટ દરેક બુકીંગ ઉપર સંપૂર્ણ પેમેન્ટ 15-12-19 પહેલા કરવામાં આવે તો
ફ્રી નામ ટ્રાન્સફર 2 વખત 26-1-2020 અથવા તે પહેલા
50% ની છૂટ ૧ બાળક માટે બેડ વગર બુકીંગ અને પેમેન્ટ 15-12-2019 પહેલા કરવા માં આવે તો
EMI ઉપર કોઈ ખર્ચ નહી બુકીંગ અને પેમેન્ટ 15-12-2019 પહેલા કરવા માં આવે તો
ફ્રી બુકીંગ 2 વર્ષ સુધીના બાળક નું 15-12-2019 પહેલા પેમેન્ટ કરવામાં આવે તો
ફ્રી ગોવા પેકેજ 3N/4D
R K VACATIONS PVT. LTD.
SUMMER 2020 IN EUROPE
+91 955 84 955 84
+91 79 40 40 35 35

CBSE AFFILIATED
K.I.S. An Excellent School.
ADMISSION OPEN 2020-21
NURSERY to GRADE X
PROPOSED GRADE XI Science / Commerce Humanities
11 ACRES GREEN CAMPUS | SPORT INTEGRATED SCHOOL | AC CLASSROOM | AUDIO VIDEO LEARNING | CAFETERIA | TRANSPORT FACILITY
NR. SARGASAN CIRCLE, OPP. AASHKA HOSPITAL TA. & DIST. GANDHINAGAR - 382421
99794 14333 | 93278 71207
www.kisgandhinagar.ac.in
Kameshwar International School